**<u>રે.દિ.મુ.નં.૩૩/૨૦૧૯</u>**

**<u>આંક–૧ નીચે હુકમ –</u>**

૧)... હાલના દાવાના કામે કાગળો વંચાણે લેતા સદર કામે દાવો દાખલ થયેથી ધણા લાબા સમય થી વાદીના પુરાવા પર ચાલે છે આ કામે મુદ્દા કાઢીયા બાદ વાદી કે તેમના વિ.વ.શ્રી હાજર રહેતા નથી કે,કોઇ પુરાવો આપતા નથી પ્રતિવાદી તર્ફે આંક–૩૧ થી વાદીનો દાવો કાઢી નાખવા સારૂ અરજી આપવામા આવેલી છે જે અરજી પણ સાંભળવા સારૂ મુલત્વી રાખવામા આવી છે તેમ છતા વાદીઓ હાજર રહેતા નથી જેથી તેમને ઉપરોક્ત દાવાના કામે દાવો આગળ ચલાવવામાં કોઈ રસ હોવાનુ જણાઈ આવતુ નથી.જેથી તેમને હવે વધુ મુદત આપવી પણ હવે ન્યાયોચીત જણાતી નથી. આમ રેકર્ડ પરની તેમની વર્તણુક ધ્યાને લેતા તેઓ એ હાલની દાવાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં કોઈ રસ હોવાનુ જણાઈ આવતુ નથી દાવાનું રેકર્ડ જોતા વાદી તર્ફે વાદી કે તેમના વિ.વ.શ્રી હાજર રહેતા નથી કે કોઇ પુરાવો પણ આપતા નથી. દાવાના કામે વાદી તર્ફે આગળની કાર્યવાહી માટે કોઈ નોધ પાત્ર તજવીજ હાથ ધરેલ નથી હાલનુ કામ અત્રેની અદાલત સમક્ષ અનઅટેન્ડેડ પડતર પડી રહેલ છે અને આવા દાવાઓ મોટી સંખ્યામાં અદાલત માં પડી રહેવાના કારણે જે દાવાઓ ની કાર્યવાહી અદાલતે ખરેખર હાથ ધરી પક્ષકારોને ન્યાય અપાવવો જોઈ તેવી અદાલતી કાર્યવાહી માં ન્યાય વિલબીત બને છે. વધુમાં આ સંદર્ભે કાયદાકીય જોગવાઇ જોવામાં આવે તો સી.પી.સી. ની જોગવાઇ મુજબ જો વાદી હાજર ન રહી દાવાની યોગ્ય કાર્યવાહી આગળ ચલાવવામાં નીષ્ફળ જાય તો,તે દાવો ડીસમીસ કરવામાં આવશે જે જોગવાઇ હાલની દાવાની હકીકતો સાથે વંચાણે લેતા હાલના દાવામાં પણ વાદી હાજર રહેતા નથી અને આગળની કોઇ કાર્યવાહી ચલાવતા નથી જેથી હાલનો દાવો ડીસમીસ કરવો ન્યાયોચીત જણાય છે.

આ કામે આગળ ઉપર ચર્ચા કર્યા મુજબ વાદી દાવો દાખલ કર્યા બાદ આગળ ની યોગ્ય ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવા સારૂ કોઈ નોધપાત્ર કાર્યવાહી હાથ ધરેલ નથી કે જેના કારણે દાવાની કાર્યવાહી આગળ ચલાવીને ન્યાય નીર્ણય અદાલત કરી શકે તેમ નથી તેવા સંજોગોમાં હાલના દાવા સંબધે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવો ન્યાયોચીત જણાય છે.

**આખરી હુકમ**

વાદીનો દાવો વાદી તર્ફે દાખલ કર્યા બાદ આગળ ની યોગ્ય ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવા સારૂ કોઈ નોધપાત્ર કાર્યવાહી હાથ ધરેલ ન હોઇ અને કોઇ આગળની કાર્યવાહી ન કરવાના કારણે ડીસમીસ ફોર ડીફોલ્ટ કરી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ રોજ તારીખ ૧૯ માહે એપ્રિલ, સને ૨૦૨૩ ના રોજ વાંચી, સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| તારીખ–૧૯–૦૪–૨૦૨૩<br>સ્થળ – કડી. | (રાજપ્રતચારણ બલવંતદાન ગઢવી)<br>બીજા એડી.સીનીયર સીવીલ જજ, કડી.<br>જીજે ૦૧૦૬૭ |